વર્ષ ૨૦૨૬-૨૭
નવી બાબત
રૂ.૫.૫૦ કરોડ

**રાજ્ય પુરસ્કૃત પશુધન વીમા સહાય યોજના**

ગુજરાત સરકાર
કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક : ACD/MIS/e-file/2/2026/0070/P3
સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા:

1. પશુપાલન નિયામકની કચેરી ગુ.રા. ગાંધીનગરના પત્ર જા.નં.DOAH/1002/01/2026, Dt.23-01-2026 (File No. DOAH/NEW/e-File/304/2025/3488/ Livestock)
2. પશુપાલન નિયામકની કચેરી ગુ.રા. ગાંધીનગરના પત્ર જા.નં.DOAH/0223/03/2026, Dt.09-03-2026 (File No. DOAH/NEW/e-File/304/2025/3488/ Livestock)

**આમુખ :-**

પશુપાલકો તેમના પશુધનના વીમા કરાવવા પ્રોત્સાહિત થાય અને પશુમૃત્યુના સંજોગોમાં વીમાની રકમમાંથી નવું પશુ ખરીદીને પશુપાલન વ્યવસાય ચાલુ રાખી શકે તે હેતુથી ભારત સરકારની નેશનલ લાઇવસ્ટોક મિશન હેઠળ રીસ્ક મેનેજમેન્ટ એન્ડ લાઇવસ્ટોક ઇન્સ્યોરન્સ કંમ્પોનન્ટ વીમા પ્રિમિયમમાં સહાય આપવામાં આવે છે. સદર યોજના હેઠળ ભારત સરકાર દ્વારા ગ્રાન્ટ ફાળવણીમાં વિલંબ થયેથી રાજ્યના પશુપાલકોના પશુઓ વીમાથી વંચિત ન રહે તે માટે પશુપાલન ખાતા દ્વારા “રાજ્ય પુરસ્કૃત પશુધન વીમા સહાય યોજના” નવિન બાબત તરીકે અમલમાં મુકવાની બાબત વિચારણા હેઠળ હતી.

આ અનુસંધાને સંદર્ભ (૧) અન્વયેના પશુપાલન નિયામકશ્રીની કચેરીના પત્રથી ઉક્ત નવી બાબતની દરખાસ્ત રજૂ કરવામાં આવેલ. વર્ષ ૨૦૨૬-૨૭ ના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના અંદાજપત્રમાં આ ચાલુ બાબત માટે રૂ.૫.૫૦ કરોડ (અંકે રૂપિયા પાંચ કરોડ પચાસ લાખ પૂરા) ની નાંણાકીય જોગવાઇ કરવામાં આવેલ છે. વંચાણે લીધા (૨) હેઠળના નિયામકશ્રી, પશુપાલનની કચેરીના પત્રથી આ નવી બાબત માટે અંદાજપત્રમાં કરવામાં આવેલ નાણાંકીય જોગવાઇ રૂ.૫.૫૦ કરોડ (અંકે રૂપિયા પાંચ કરોડ પચાસ લાખ પૂરા) ની વહીવટી મંજૂરી મેળવવા દરખાસ્ત રજૂ કરવામાં આવેલ. તેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે રૂ.૫.૫૦ કરોડ (અંકે રૂપિયા પાંચ કરોડ પચાસ લાખ પૂરા) ની અંદાજપત્રીય જોગવાઇ ધરાવતી આ નવી બાબતને અંદાજપત્રીય જોગવાઈની મર્યાદામાં નીચે દર્શાવેલ યોજનાવાર નાણાંકીય જોગવાઇ તથા શરતો-બોલીઓ તેમજ આ ઠરાવના પરિશિષ્ટમાં નિર્દિષ્ટ શરતો-બોલીઓને આધીન વર્ષ ૨૦૨૬-૨૭માં નવી બાબત તરીકે વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

યોજનાનુ નામ : રાજ્ય પુરસ્કૃત પશુધન વીમા સહાય યોજના
વર્ષ ૨૦૨૬-૨૭ ની જોગવાઇ : રૂ.૫.૫૦ કરોડ (અંકે રૂપિયા પાંચ કરોડ પચાસ લાખ પૂરા)
યોજનાના ખર્ચનુ વિગતવાર સદર : ૩૧૩૫ અન્યને જનરલ સહાયક અનુદાન

**આ યોજનાના અમલીકરણની શરતો / બોલીઓ નીચે મુજબ રહેશે.**

1. પ્રસ્તુત યોજના અંગેનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૬ પછી કરવાનો રહેશે.
2. આ યોજના હેઠ્ળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે

નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી વિભાગે રાખવાની રહેશે.

3. આ યોજનાનો અમલ નોડલ એજન્સી મારફતે કરવાનો રહેશે.
4. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.
5. ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
6. નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.
7. આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.
8. C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.
9. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
10. Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
11. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
12. નવા સાધનોની ખરીદી માટેનું ડેડ સ્ટોક રજીસ્ટર નિભાવવાનું રહેશે.
13. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
14. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
15. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
16. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.
17. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
18. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
19. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.
20. આ અંગેનો ખર્ચ તા. ૦૧-૦૪-૨૦૨૬ થી કરવાનો રહેશે

| **માંગણીનંબર** | **:** | **૦૪** |
|---|---|---|
| સેકટર | : | ગ- આર્થિક સેવાઓ |
| સબસેકટર | : | (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ |
| મુખ્યસદર | : | ૨૪૦૩ પશુપાલન |
| ગૌણસદર | : | ૧૦૨-પશુ અને ભેંસ વિકાસ |
| પેટાસદર | : | ૨૬ - પશુધન વીમા યોજના |

નાણાં વિભાગ અને વિભાગની બજેટ શાખા દ્વારા ગ્રાન્ટની ફાળવણીના હુકમો કરવામાં આવે , તદનુસાર નિયામકશ્રી પશુપાલનની કચેરીએ ખર્ચ કરવાનો રહેશે તથા નાણાં વિભાગના વખતો વખતના અધ્યતન ઠરાવ વિગેરે સંબધિત તમામ સુચનાઓને પણ ધ્યાને લઈને ખર્ચ કરવાની કાળજી રાખવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંક ની ફાઇલ પર નાણાં સલાહકારશ્રી (કૃષિ) તથા સચિવશ્રી (પ.પા)ની તા.૦૧ /૦૪/૨૦૨૬ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બિડાણ:-પરિશિષ્ટ ૧

(પી.પી.ઝાલા)
સેક્શન અધિકારી
કૃષિ,ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (પશુપાલન)ના અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી (પશુપાલન)નું કાર્યાલય, બીજો માળ, સ્વર્ણિમ સંકૂલ-૨, સચિવાલય ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી (પશુપાલન)નાઅંગત સચિવશ્રી,માન. રા.ક. મંત્રીશ્રી (પશુપાલન)નું કાર્યાલય, બીજો માળ, સ્વર્ણિમ સંકૂલ-૨, સચિવાલય ગાંધીનગર
- સચિવશ્રી (પશુપાલન)ના અંગત સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પશુપાલન નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, (ES-1), એકાઉન્ટ જનરલ, અમદાવાદ (E&RS Audit),ગુજરાત, ત્રીજો માળ, ઓડિટ ભવન, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, (એ.એન્ડ ઈ) રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, it સેલ, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ ઠરાવ વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની બજેટશાખા
- પસંદગી ફાઇલ

<u>**પરિશિષ્ટ-૧**</u>

| | | |
|---|---|---|
| **યોજનાનું નામ** | **:** | **રાજ્ય પુરસ્કૃત પશુધન વીમા સહાય યોજના** |
| **અમલીકરણ એજન્સી** | **:** | **પશુપાલન નિયામકશ્રીની કચેરી** |

**સામાન્ય શરતો અને બોલીઓ**

1. આ યોજનાનો અમલ રાજ્યના તમામ જિલ્લાઓમાં કરવાનો રહેશે.
2. યોજનાનો લાભ ગાય ભેંસ વર્ગના દુધાળા (પુખ્ત માદા) પશુઓને મળવાપાત્ર રહેશે.
3. લાભાર્થીની પસંદગી માટે ઓનલાઇન અરજી મેળવવાનુ પ્રાવધાન રાખવાનુ રહેશે.
4. નિયત નાણાકીય જોગવાઇથી વધુ અરજી મળવાના કિસ્સામાં ઓનલાઇન ડ્રો કરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.
5. આ યોજનાના રાજ્ય કક્ષાના નિયંત્રણ અધિકારી પશુપાલન નિયામકશ્રી રહેશે. સદર યોજનાના અમલીકરણ બાબતે જો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેવા કિસ્સામાં પશુપાલન નિયામકશ્રીનો નિર્ણય આખરી રહેશે.
6. આ યોજના માટે અમલીકરણ એજન્સી ગુજરાત પશુધન વિકાસ બોર્ડ રહેશે.
7. આ યોજનાની ગ્રાન્ટ પશુપાલન નિયામકશ્રીએ ગુજરાત પશુધન વિકાસ બોર્ડને ફાળવવાની રહેશે.

8. પશુ વીમા પ્રિમિયમની કુલ કિંમત પૈકી ૮૫% રકમ અમલીકરણ એજન્સી દ્વારા નિયત થયેલ વીમા કંપનીને ચુકવવાની રહેશે અને પશુ વીમા પ્રિમિયમના બાકીના ૧૫% રકમ પશુપાલકે વીમા કંપનીને ચુકવવાની રહેશે.
9. ગુજરાત પશુધન વિકાસ બોર્ડ એ યોજનાનુ અમલીકરણ ભારત સરકારની નેશનલ લાઇવસ્ટોક મિશનની રીસ્ક મેનેજમેન્ટ એન્ડ ઇન્સ્યોરન્સ યોજના (પશુ વીમા સહાય યોજના) ની ગાઇડલાઇન મુજબ કરવાનુ રહેશે.
10. ભારત સરકાર દ્વારા ઉક્ત યોજના અંતર્ગત સહાયના ધોરણ/ નોર્મ્સમાં ફેરફાર કરવામાં આવે તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી તે મુજબ યોજનાનું અમલીકરણ કરવાનુ રહેશે.
11. યોજનાની નાણાકીય જોગવાઇ મુજબ ભૌતિક લક્ષ્યાંક ફેરફારને પાત્ર રહેશે.
12. આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત કાર્યપધ્ધતિથી કરવાનુ રહેશે.
13. ગુજરાત પશુધન વિકાસ બોર્ડ એ ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો (યુ.ટી.સી.) નિયત નમૂનામાં સમયસર પશુપાલન નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને મોકલવાના રહેશે તેમજ સહાય સંબંધિત હિસાબોનું તથા ઓડિટને લગતી કામગીરી કરવાની રહેશે

*Signature Not Verified*

*Signed by:Pushpaba Zala*
*Section Officer*
*Date:2026.04.06*
*15:49:01 +5:30*



*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*